# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : **૧૫** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 15**

**પ્ર. : ૧. પ્રાસ્તાવિક ગાથા અને ઉત્તરાધ્યન સૂત્રના આધારે : શ્રેણી :**

**(ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સહિત પૂર્ણ કરો :**

(૧) સારં ......................... મરણં

જવાબઃ (ક) (૧) સારં દંસણ નાણં, સારં તવ-નિયમ - સંજમ - શીલં ।
સારં જિણવર ધમ્મં સારં સંલેહણા-પંડિય મરણં ॥

**ભાવાર્થ :** સ-દર્શન, સ-જ્ઞાન, ૧૨ પ્રકારના તપ, ૧૦ પ્રકારના પચ્ચક્ખાણ, રૂપ નિયમ ૧૭ પ્રકારના સંયમ, નવવાડ, વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, જિનેશ્વર પ્રરૂપિત ધર્મ, સંલેખણા- સંથારો અને પંડિત-મરણ એ જ જગતના સર્વ પદાર્થોને વિશે સારભૂત અને આત્મકલ્યાણકારી પદાર્થો છે, કારણ કે પંડિત-મરણ થવાથી જીવનો મોક્ષ થઈ જાય છે.

(૨) ખિપ્પં ......................... ચરેડપ્પમત્તો

જ. (૨) ખિપ્પં ન સક્કેઈ વિવેગમેઉં, તમ્હા સમુbાય પહાય કામે ।
સમિચ્ચ લોગં સમયા મહેસી, આયાણુરકખી ચરેડપ્પમત્તો ॥

**ભાવાર્થ :** શીઘ્રતાથી વિવેક (કષાય-ત્યાગ) પ્રાપ્ત થવો શક્ય નથી. માટે દુર્ગતિથી પોતાના આત્માની રક્ષા કરવાવાળા મોક્ષાર્થી મુનિ કામભોગને ત્યાગી, લોકસ્વરૂપને સમભાવપૂર્વક જાણે, અપ્રમાદી થઈને સાવધાનીપૂર્વક વિચરે.

(૩) અશોક ......................... જિનેશ્વરાણાં

જ. (૩) અશોક વૃક્ષ સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિશ્ચામર માસનં ચ ।
ભામંડલં દુંદૂભિરાત પત્રં, સત્પ્રાતિહાર્યણિ જિનેશ્વરાણાં ॥

**ભાવાર્થ :** ૧) અશોક વૃક્ષ ૨) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ, ૩) દિવ્ય ધ્વનિ ૪) ચામર વિઝાંવા

૫) મણિજડિત સ્ફટિકનું સિંહાસન ૬) ભામંડલ ૭) દેવ દુંદુભિ તથા ૮) પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર ધરાય, આ પ્રમાણે તીર્થંકરોને આઠ પ્રતિહાર્ય હોય છે.

(૪) વિત્તેણ ......................... દટ્ઠુમેવ

જ. (૪) વિત્તેણ તાણં ણ લભે પમત્તે, ઇમમ્મિ લાએ અદુવા પરત્થા ।
દીવપ્પણટ્ઠે વ અણંત્તમોહે, નેચાઉયં દટ્ઠુમદટ્ઠુમેવ ॥

**ભાવાર્થ :** પ્રમાદી-અધર્મી જીવોને ધન આ લોક કે પરલોકમાં શરણરૂપ થતું નથી. દીવો બુઝાઈ જતાં અજવાળામાં જોયેલો માર્ગ પણ દેખાતો નથી તે જ રીતે અનંત મોહના કારણે સ-જ્ઞાન દર્શનરૂપ દીપક બુઝાઈ જતા, મોક્ષમાર્ગ તેને દેખાતો નથી.

(૫) જાઈં ......................... સાયં

જ. (૫) જાઈં ચ વુbિં ચ ઈહજ્જ પાસં, ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।
તમ્હાતિવિજ્જો પરમં ત્તિ ણચ્ચા સમ્મત્ત દંસી ન કરેઈ પાવં ॥

**ભાવાર્થ :** હે આર્ય ! તું આ સંસારમાં જન્મ અને વૃદ્ધિ અર્થાત્ જન્મ મરણના દુઃખોને જો. તું પ્રાણીઓના કર્મબંધ અને તેના વિપાકરૂપ દુઃખને જાણી તેની સાથે પોતાના સુખદુઃખનો સમન્વય કર જેનાથી અત્યંત વિદ્વાન બનેલો સાધક મોક્ષને જાણી સમ્યક્દર્શી થઈ જાય છે.

સ-દર્શી મિથ્યાત્વના પાપનું આચરણ કરતો નથી.

(૬) એવં ......................... મણિણઓ

જ. (૬) એવં લોએ પલિત્તમ્મિ, જરાએ મરણેણય
અપ્પાણં તારીઈસ્સામિ, તુબ્ભેહિં અણુ મણિણઓ ॥

**ભાવાર્થ :** હે માતા ! આ લોક જન્મ, જરા, રોગ, મરણરૂપ દુઃખથી બળી જઈ રહ્યો છે, પીડાઈ રહ્યો છે. આપની અનુજ્ઞા લઈને વીતરાગ માર્ગ પર ચાલીને આ સળગતા સંસારમાંથી હું મારા આત્માને તારી દઈશ.

**(ખ) નીચેના પ્રશ્નોના માગ્ય પ્રમાણે જવાબ લખો :**

(૧) પોતે કરેલા કર્મનું ફળ પોતે એકલાએ જ ભોગવવું પડે છે. આ અર્થ બતાવતી માત્ર ગાથા લખો.

**જવાબ : જવાય (ખ)(૧) સંસાર માવણણ પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઈ કમ્મં ।**
**કમ્મસ્સ કે તસ્સ ઉ વેચકાલે, ન બંધવા બંધવયં ઉર્વેતિ ॥**

(૨) શીલવ્રતનો મહિમા બતાવતી ગાથા કેટલી છે ?
કયા આગમના કયા અધ્યયનમાં છે અને તે સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક ?

**જ. (૨) ત્રણ છે : શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર - શ્રુતસ્કંધ ૨, ૪થો દ્વાર, આ સૂત્ર કાલિક છે.**

(૩) ''મોક્ષમાર્ગ માટે મસ્તકના મુગટમણિ સમાન છે'' આ અર્થ જે ગાથામાં આવ્યો હોય તે માત્ર ગાથા લખો.

**જ. (૩) દેવનરિંદ નમંસિય પૂયં, સવ્વ જગુત્તમ મંગલ મગ્ગં ।**
**દુદ્ધરિસં ગુણનાયગમેગં, મોક્ખપહસ્સ વડિસંગ ભૂયં ॥**

(૪) સાધક મળ-મૂત્રથી ભરેલાં શરીરનો ત્યાગ ક્યારે કરે છે ? શા માટે કરે છે ?

**જ. (૪) જ્યાં સુધી શરીર દ્વારા જ્ઞાન, ધ્યાન આદિ ગુણોનો લાભ થતો હોય ત્યાં સુધી સંયમ, જીવનને સુરક્ષિત રાખે. મૃત્યુના અવસરેજ્ઞ પરીજ્ઞા દ્વારા શરીરને ધર્મસાધનને અયોગ્ય સમજીને પ્રત્યાખ્યાન પરીજ્ઞા દ્વારા આહારનો ત્યાગ કરી મળ, મૂત્રો ભરેલા ઔદારિક શરીરનો ત્યાગ કરે છે.**

(૫) ''પાછલી અવસ્થામાં ધર્મ કરીશું'' એવો અર્થ બતાવતી માત્ર ગાથા લખો.

**જ. (૫) સ પુવ્વમેવં ન લભેજ્જ પચ્છા, એસોવમા સાસવાઈ યાણં ।**
**વિસીયઈ સિઢિલે આઉયમ્મિ, કાલોવણીએ સરીરસ્સ ભેએ ॥**

(૬) દયા, બ્રહ્મચર્ય, સમકિત અને સંયમનો નાશ શેનાથી થાય છે ?

**જ. (૬) આરંભ કરવાથી દયાનો, સ્ત્રીના સંગાથે બ્રહ્મચર્યનો, જિનવચનમાં શંકા રાખવાથી સમકિતનો અને પરિગ્રહ તથા શબ્દ, રૂપ, ગંધ, રસ-સ્પર્શ એ પાંચ કામ ગુણરૂપ અર્થમાં આસકાત થવાથી સંયમનો નાશ થાય છે.**

(૭) જીવ અનાશ્રવી ક્યારે થાય ? આવા અનાશ્રવી શેનું આરાધન કરે છે ?

**જ. (૭) પાપ પ્રવાહ અટકવાથી જીવ અનાશ્રવી થાય. આવો અનાશ્રવી તપનું આરાધન કરે છે.**

**(ગ) નીચેના શબ્દોના અર્થ લખો : (કોઈ ચાર લખો) :**

| | | | | |
|---|---|---|---|---|
| **જવાબ** | **(ગ):**૧) આઉયમ્મી | **જવાબ : આયુષ્ય** | ૫) અણાઈલ | **જવાબ : નિર્મળ** . |
| **સાથે** | ૨) બૂહઇત્તા | **જવાબ : સુરક્ષિત રાખે** | ૬) દુધ્ધરિસં | **જવાબ : અપરાજિત** |
| | ૩) પિજ્જ | **જવાબ : રાગ** | ૭) સંસિચ્ચમાણા | **જવાબ : સંગ્રહ કરવાથી** |
| | ૪) લહઈ | **જવાબ : પામે છે** | ૮) પયટ્ટીએ | **જવાબ : ફસાયેલા** |

**(ઘ) નીચેના અર્થના મૂળ શબ્દ લખો – (કોઈ પણ ચાર) :**

| | | | |
|---|---|---|---|
| **જવાબ (ઘ)** | ૧) નિર્દોષ = **જ : નિવદ્ય** | ૨) આપની = **જ : તુંબ્ભેહિં** | ૩) સુવ્રત = **જ : સવ્વય** |
| **સાથે** | ૪) આર્ય = **જ : આર્ય-અજ્જ** | ૫) કહ્યા છે = **જ : ભણિયા** | ૬) દીક્ષા= **જ : પવજ્જા** |
| | ૭) શરણ = **જ : તાણં** | ૮) છત્ર. = **જ : આતપત્ર** | |

**જવાબ : (ઘ) (૧)**

---

**પ્ર. : ૨. છ લેશ્યાના આધારે જવાબ લખો :**

(૧) લેશ્યાની ગાથા લખો.

**જ. (૧) નામાઈ વણ્ણ રસ ગંધ ફાસ પરિણામ લકખણં ।**
**ઠાણ ઠિઈ ચાઉ, લેસણં તુ સુણેહ મે ॥**

(૨) પાંચમા દેવલોકના દેવોને જે લેશ્યા હોય તેના લક્ષણો લખો.

**જ. (૨) પદમ લેશ્યા હોય છે, તેના લક્ષણો : ૧) અલ્પ ક્રોધ ૨) અ-માન ૩) અ-માયા ૪) અ-લોભ ૫) પ્રશાંત ચિત્ર, ૬) આત્માનો દમણહાર ૭) યોગ ઉપધાન સહિત હોય**
૮) **થોડા બોલો ૯) જિતેન્દ્રિય હોય.**

(૩) સજોગી કેવળીની જે લેશ્યા હોય તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

**જ. (૩) સજોગી કેવળીને પરમ શુક્લ લેશ્યા હોય છે. તેની જ સ્થિતિ અંત મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશેઉણી પૂર્ણ ક્રોડ વર્ષની.**

(૪) લેશ્યાનો ગતિ દ્વાર લખો.

**જ. (૪) ગતિદ્વાર : કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ અપ્રશસ્ત અધર્મ લેશ્યા છે. તેનાથી જીવ દુર્ગતિએ જાય. તેજો, પદમ, શુકલ એ ત્રણ ધર્મ લેશ્યા તેનાથી જીવ સુગતિએ જાય.**

(૫) નીચની લેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો અને ઉત્કૃષ્ટ સ્થિતિ કયાં લાભે તે લખો.

૧) કાપોત લેશ્યા ૨) નીલ લેશ્યા.

**જ. (૫) ૧) કાપોત લેશ્યાની સ્થિતિજ અંત મુહૂર્ત ઉ - ૩ સાગરને પલ્યનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રીજી નરકમાં લાભે.**

**૨) નીલ લેશ્યા જ સ્થિતિ - અંત મુહૂર્ત ઉ - ૧૦ સાગરને પલ્યનો અસંખ્યાતમો ભાગ અધિક પાંચમી નરકમાં લાભે.**

(૬) <u>નીચેનાને કઈ લેશ્યા હોય ?</u>

૧) ચાસ પક્ષીની પાંખનો વર્ણ કઈ લેશ્યા જેવો હોય ?

**જ. (૬) ૧) ચાસ પક્ષીની પાંખ - કૃષ્ણ લેશ્યા**

૨) શણના ફૂલનો વર્ણ કઈ લેશ્યા જેવો હોય ?

**જ.૨) શણના ફૂલનો વર્ણ પદમ લેશ્યા.**

૩) રોહિણી વનસ્પતિનો રસ કઇ લેશ્યા જેવો હોય ?

**જ.૩) રોહિણી વનસ્પતિનો રસ કૃષ્ણ લેશ્યા**

૪) છળપૂર્વક વર્તન કરનારને કઈ લેશ્યા હોય ?

**જ. ૪) છળપૂર્વક વર્તન કરનારને કાપોત લેશ્યા.**

(૭) લેશ્યા ત્રણ પ્રકારે તથા નવ પ્રકારે કેવી રીતે પરિણમે તે સમજાવો.

**જ. (૭) લેશ્યા, જઘ, મધ્યમ, ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારે પરિણમે. તે ઉપર કહી તે દરેકના ત્રણ-ત્રણ ભેદ થાય. જેમ કે જઘન્યનો જઘન્ય, જઘન્યનો મધ્યમ અને જઘન્યનો ઉત્કૃષ્ટ એ રીતે દરેકના ત્રણ ત્રણ ભેદ કરતાં નવ ભેદ થાય.**

---

**પ્ર. - ૩ : અષ્ટ પ્રવચન માતાના આધારે જવાબ લખો :**

(૧) ઈરિયા સમિતિનો ચોથો ભેદ વિસ્તારથી સમજાવો.

**જ. (૧) ઈરિયા સમિતિના ૪ ભેદ છે. ચોથો ભેદ યત્ના છે. તેના ચાર ભેદ છે. છ'કાય જીવોને ચક્ષુથી જોઈને ચાલે, ક્ષેત્રથી ધૂંસરી (૩ા/૪ હાથ....) પ્રમાણે જમીન આગળ જોતા ચાલે, કાળથી દિવસે ચાલે, ભાવથી રસ્તે ચાલતા ૧૦ બોલે વર્જીને ઉપયોગપૂર્વક ચાલે તે વાચણ.... ધર્મકથા આદિના છે. તેમજ શબ્દ, રૂપ, ગંધ, દ્રવ્ય, સ્પર્શ આદિ વિષયમાં ધ્યાન ન દે.**

(૨) પાંચમી સમિતિનો બીજો અને ત્રીજો ભેદ સમજાવો.

**જ. (૨) ક્ષેત્રથી વસ્તીને દુર્ગંધ થાય ત્યાં કે જાહેર રસ્તા પર ન પરઠે.**
**કાળથી પરઠણ ભૂમિને કાળોકાળ પડિલેહી, પુંજીને પરઠે.**

(૩) મન-ગુપ્તિ ભાવથી અને કાય ગુપ્તિ દ્રવ્યથી બતાવો.

**જ. (૩) મન-ગુપ્તિ ભાવથી - વિષય કષાય આર્ત-રૌદ્ર ધ્યાન, રાગ-દ્વેષમા, મન ન પ્રર્વતાવે, કાય-ગુપ્તિ - દ્રવ્યથી - શરીરની શુશ્રુષા (શોભા) ન કરે.**

(૪) અષ્ટ પ્રવચન માતાનો અધિકાર કયા સૂત્રનો છે ? કેટલામું અધ્યયન છે ?

**જ. (૪) ઉત્તરાધ્યયન સૂત્રનો છે અધ્યયન - ૨૪**

(૫) ભાષા સમિતિ એટલે શું ? તેનો કાળથી ભેદ સમજાવો.

**જ. (૫) ભાષા સમિતિ એટલે બોલવાની વિધિ. કાળથી રાત્રે ૧ પ્રહર વીત્યા બાદ સૂર્યોદય સુધી જોરથી ન બોલે.**

(૬) સાધુ વસ્ત્ર અને પાત્રાનું પડિલેહણ કેટલી વાર કરે ? ક્યારે કરે ?

**જ. (૬) બે વખત કરે. (૧લા અને ચોથા પ્રહરના) પહેલા પ્રહરના પહેલા ચોથા ભાગે અને ચોથા પ્રહરના છેલ્લા ચોથા ભાગે કરે.**

(૭) નીચેના બોલ કઈ સમિતિ કે ગુપ્તિના છે ?

૧) અણુજાણહ ૨) વિષય-કષાય ૩) સંયોગ ૪) આલંબન.

**જ. (૭) ૧) સમિતિ ૨) મન-ગુપ્ તિ ૩) સમિતિ ૪) સમિતિ**

---

**પ્ર. : ૪. સામાયિક – પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના પાઠની પૂર્તિ કરો :**

(૧) પાણ ભૂય જીવ .............જંવાઈદ્ધં

**જ. (ક) (૧) પાણ ભૂય જીવ સત્તાણં આસાયણાએ, કાલસ્સ આસાયણાએ, સૂયસ્સ આસાયણાએ સુયદેવયાએ આસાયણાએ, વાયણારિયસ્સ આસાયણાએ**

(૨) સમણે ...................... પાણં

**જ. (૨) સમણે - નિગ્ગંથે, ફાસુએણં એસણિજ્જેણં અસણ પાણં**

**(ખ) નીચેના શબ્દનું માગધી લખો :**

૧) શસ્ત્ર　　　　૨) પીવાના પદાર્થો અને માપની મર્યાદા

**જ. (ખ) ૧) શસ્ત્ર- સત્થ　　　　૨) પેજ્જવિહિં - પીવાના પદાર્થો અને માપની મર્યાદા**

૩) કરેલ હોય　　　　૪) મવ્વાબાહ

**જ. ૩) કરણયા　　　　૪) બાધા પીડા રહિત**

**(ગ) ફક્ત અંકમાં જવાબ લખો : (કેટલા હોય ?)**

| | | | |
|---|---|---|---|
| **જવાબ (ગ)** ૧) પર્યાપ્તિ | **જવાબ : - ૬** | ૨) મદ | **જવાબ : - ૮** |
| **સાથે** ૩) સમુદ્ઘાત | **જવાબ : - ૭** | ૪) પંચેન્દ્રિયની જીવાયોનિ | **જવાભ : ૩૬ લાખ** |

**(ઘ)** (૧) પહેલું શ્રમણ સૂત્ર શેના માટે છે ? ક્યારે કરવાનું હોય ?

**જ. (ઘ) ૧) પહેલું શ્રમણ સૂત્ર નિંદા સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે છે. પોષધ વ્રત, રાત્રી સંવર વગેરેમાંથી સૂઈને ઉઠયા પછી કરવાનો છે.**

(૨) ત્રીજું શ્રમણ સૂત્ર શેના માટે છે ? ક્યારે કરવાનું હોય ?

**જ. (૨) ત્રીજું શ્રમણ સૂત્ર સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષોથી નિવૃત્ત થવા વિશે છે. સવારે અને સંજે પ્રતિક્રમણમાં તેમજ પ્રતિલેખનથી નિવૃત્ત થઈને આ પાઠ બોલવાનો છે.**

---

**પ્ર. : ૫. મોટા માંગલિકના આધારે જવાબ લખો :**

(૧) મોટા માંગલિકની રચના કોણે કરી ? ચાર મંગલ કેવા છે ?

**જ. (૧) રચના પૂ. આચાર્યશ્રી પુરુષોત્તમજી મ. સાહેબે કરી છે, ચાર મંગલ અલૌકિક લોકોત્તર છે.**

(૨) આપના જેવા ઉજ્જવળ ........., ........., ........., ........., બનશું તેમાં અમોને જરાય શંકા કે સંશય નથી.

**જ. (૨) નિર્મળ, નિર્મોહિ, નિર્દોષ અને નિર્વિકારી બનીશું**

(૩) ભવ રૂપી સમુદ્રથી તરવા કોનું શરણું લઈશું ?

**જ. (૩) કેવલી પ્રરૂપિત ધર્મનું શરણું લેશું**

(૪) ભગવાનના ચરણમાં શું સમર્પિત કરાય ?

**જ. (૪) મન-વચન-કાયાના યોગોને ભગવાનના ચરણમાં સમર્પિત કરાય.**

---

**પ્ર. : ૬. ભક્તામરના આધારો જવાબ લખો :**

**નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સાથે લખો.**

(૧) શુમ્ભ ............ સૌમ્યામ

**જ. (૧) શુમ્ભત્પ્રભાવલય - ભૂરિ - વિભા વિભોસ્તે, લોકત્રય દ્યુતિમતાં દ્યુતિમાક્ષિપત્ની ।**
**પ્રોદ્યદ્-દિવાકર-નિરન્તર-ભૂરિસંખ્યા, દીપત્યા જ્યત્યપિ નિશામપિ સોમ-સૌમ્યામ્ ॥**

**ભાવાર્થ : જેમ ચંદ્ર પોતાની શીતળ પ્રભા હોવા છતાં પણ પોતાના તેજ વડે રાત્રિના અંધકારને જીતે છે તેમ, પ્રકૃષ્ટ રૂપથી એક સાથે પાસે પાસે ઉદય પામતા અનેક સંખ્યાતાવાળા સૂર્યો જેવા હે પ્રભુ ! તમારા નિતાન્ત શોભાયમાન ભામંડળની અતિશય તેજસ્વિતા ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજને પરાજિત કરે છે, ઝાંખા પાડી દે છે.**

(૨) કો વિસ્મયો ............ પીક્ષિતોડસી

**જ. (૨) કો વિસ્મયોડત્ર યદિ નામ ગુણૅરશેષૈ, સ્તવં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ।**
**દૌષૈરૂપાત્ત વિવિધાશ્રય જાત ગર્વૈ, સ્વપ્નાન્તરે પિ ન કદાચિત્ પીક્ષિતોડસી ॥**

**ભાવાર્થ : હે મુનિવર ! અન્યત્ર સ્થળોએ અવકાશ (જગ્યા) ન મળવાથી વિશ્વના સંપર્ણ સદ્‌ગુણો તમારો આશ્રય કરીને રહ્યા છે. વિવિધ પ્રકારના આશ્રયો .... પામવાથી ગર્વિષ્ઠ બનેલા દોષો સ્વપ્નમાં પણ આપને જોઈ શક્તા નથી તેમાં આશ્ચર્ય શું છે ?**

૮

(૩) તુભ્યં ........... શોષણાય

**જ. (૩) તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિ હરાય નાથ । તુભ્યં નમઃ ક્ષિતિત લામલા ભૂષણાયં ॥**
**તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય ॥ તુભ્યં નમો જિન ભવોદધિ શોષણાય ॥**
**ભાવાર્થ : ત્રિભુવનના દુઃખોને હરનારા હે નાથ ! આપને મારા નમસ્કાર હો. પૃથ્વીતળને વિશે નિર્મળ આભૂષણ રૂપ ! આપને મારા નમસ્કાર હો. ત્રણે જગતના પરમેશ્વર રૂપ આપને મારા નમસ્કાર હો. ભવાસગરને શોષી લેનારા હે જિનેન્દ્ર !**
**આપને મારા કોટિ કાટિ વંદન.**

(૪) પ્રભુને વિંઝાતા ચામરો કેવા છે ?

**જ. (૪) ચામર મોગરાના પુષ્પ જેવા શ્વેત છે.**

(૫) પ્રભુના મસ્તક પર રહેલા ત્રણ છત્ર શું દર્શાવે છે ?

**જ. (૫) છત્ર ત્રણે જગતનું પરમેશ્વરપણું દર્શાવી રહ્યા છે.**

(૬) પ્રભુના પગના નખ કેવા છે ?

**જ. (૬) નખ - તાજા ખીલેલા સુવર્ણ કમળોના સમૂહ જેવી સુંદર કાંતિને ધારણ કરવાવાળા, ચારે બાજુથી ઝળહળતા કિરણોના પ્રકાશથી મનોહર છે.**

## અથવા

**પ્ર. : ૭. વાર્તાના આધારે જવાબ લખો :**

(૧) પરદેશી રાજાની વાર્તા કયા સૂત્રમાં છે ? તે સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક ?

**જ. (૧) શ્રી રાયપસેણિય સૂત્રમાં છે તે સૂત્ર ઉત્કાલિક છે.**

(૨) જિતશત્રુ રાજા કયા દેશના, કઈ નગરીના રાજા હતા ? તે રાજા કેવા હતા ?

**જ. (૨) જિતશત્રુ રાજા કુણાલ દેશ, શ્રાવસ્તી નગરીના હતા તે.**
**તે ઘણા પરાક્રમી અને મેરુ પર્વત જેવા અડોલ હતા.**

(૩) જીવ અગુરુલઘુ છે તે બતાવવા કેશી સ્વામીએ શેનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું ?

**જ. (૩) ફુગ્ગાનું દૃષ્ટાંત આપ્યું. જેવી રીતે ફુગ્ગામાં હવા ભરીને વજન કરો અને કાઢીને વજન કરો તો તેમાં કંઈ જ ફેર જણાતો નથી તેવી રીતે જીવમાં અગુરુ લઘુત્વનો ગુણ હોવાતી તેમાં વજન નથી.**

(૪) છદ્મસ્થ જીવો કેટલી વસ્તુ જોઈ શકતા નથી? તેમાંથી માત્ર કોઈ પણ ચાર વસ્તુના નામ લખો.

**જ. (૪) ૧૦ વસ્તુ. ૧) ધર્માસ્તિકાય ૨) અધર્માસ્તિકાય ૩) આકાશાસ્તિકાય ૪) અશરીરી જીવ ૫) પરમાણું પુદ્ગલ, શબ્દ, ગંધ, વાયુ, જીવ જિન થશે કે નહીં, જીવ સમસ્ત કર્મનો અંત કરશે કે નહીં.**

(૫) ભગવાન કેશી સ્વામીએ પરિષદને શું ઉપદેશ આપ્યો ? તે સાંભળી ચિત્તસારથીએ શું કર્યું ?

**જ. (૫) ભગવાન કેશીસ્વામીએ પરિષદને ચાર મહાવ્રત રૂપ અને શ્રાવિકના ૧૨ વ્રતધર્મનું નિરૂપણ કર્યું. ચિત્ત સારથીએ શ્રાવકના ૧૨ વ્રત ધારણ કર્યા.**

(૬) ક્ષત્રિય પરિષદ અને ગાથાપતિની પરિષદ એટલે શું તે સમજાવો.

**જ. (૬) ક્ષત્રિય પરિષદમાં અપરાધીના હાથ-પગ કાપી નાખે અને મારી પણ નાખે.**
**ગાથાપતિની પરિષદમાં અપરાધીને વૃક્ષ સાથે બાંધી સળગાવી દેવામાંઆવે.**

(૭) ચિત્તસારથીએ પોતાની નગરીમાં આવીને મૃગવન ઉધાનના રક્ષકોને શું આજ્ઞા કરી ?

**જ. (૭) મૃગવનના રક્ષકોને આજ્ઞા કરી કે ''જ્યારે ભવિષ્યમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ અહીં પધારે તો મને વિના વિલંબે જાણ કરવી'' આવી સૂચના આપે.**

(૮) પર્વતના આકાર જેવા ભવનને શું કહેવાય ?
કયા દેશના નાગરિકોએ પરદેશી રાજા માટે ઘોડા મોકલ્યા હતા ?

**જ. (૮) કુટાગાર શાળા, કંબોજ દેશ**

(૯) ''પરદેશી, તમે પણ વ્યાપારી છો'' આવું કથન કેશી સ્વામીએ શા માટે કર્યું ?

**જ. (૯) કારણ કે પરદેશી રાજાએ કેશીસ્વામીની પ્રત્યે શિષ્ટજન જેવો વ્યવહાર નથી કર્યો પરંતુ તેમના પ્રત્યે ભક્તિ અને સન્માન પ્રદર્શીત કરેલ હતા તેથી વ્યવહારી ક્યા છે.**

**॥ જય જિનેન્દ્ર ॥**